સંક્ષિપ્ત સમાચાર

વાડી ભેંસરોટ ગામે દીપડો પાંજરે પુરાયો

સોનગઢ: ઉકાઈના વાડી ભેંસરોટ ગામના ડુંગળી ફળિયામાં મહેન્દ્રભાઈ ગામીતના ઘર બહાર ગોઠવેલા પાંજરામાં અંદાજે દોઢ વર્ષનો દીપડો કેદ થયો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમે સવારે ૬ વાગ્યે સ્થળ પર પહોંચી દીપડાનો સુરક્ષિત કબજો લીધો હતો. છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવરથી ગ્રામજનોમાં ભય હતો. જેથી તેને ઝડપી લેવાતાં લોકોએ આશકારો અનુભવ્યો છે.

બોરદામાં વનિયર મૃત હાલતમાં મળ્યું

કુકરમુંડા: નિઝરના બોરદા ગામની સીમમાં ડાંગરની રોપણી કરેલા ખેતરમાંથી એક વનિયર મૃત હાલતમાં મળી આવ્યું છે. ભારે વરસાદને લીધે પાણી ભરાયેલા ખેતરમાં માછલીનો શિકાર કરવા ગયેલું આ વનિયર કાદવમાં ફસાઈ જતાં તેનું મોત થયું હોવાની પ્રાથમિક આશંકા સેવાઈ રહી છે.

ઉચ્છલમાં સગર્ભા મહિલાની સફળ પ્રસૂતિ

વ્યારા: ઉચ્છલના આડગામની સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતાં નારણપુર લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક પહોંચી હતી. હોસ્પિટલ લઈ જતી વખતે રસ્તામાં પીડા વધતાં EMT મહિમા વલવી અને પાયલોટ પ્રફુલ્લ ચૌધરીએ અમદાવાદ હેડ ઓફિસના ડો.કૃષ્ણાના ટેલિફોનિક માર્ગદર્શન હેઠળ એમ્બ્યુલન્સમાં જ સુરક્ષિત પ્રસૂતિ કરાવી હતી. પ્રસૂતિ બાદ માતા અને બાળક બંને સ્વસ્થ હોવાથી તેમને ઉચ્છલ CHC ખસેડાયાં હતાં. ૧૦૮ ટીમની આ ઉત્કૃષ્ટ કામગીરીને મેનેજમેન્ટ, પરિવારજનો અને ગ્રામજનોએ બિરદાવી આભાર માન્યો હતો.

કઠવાડા ગામના બુટલેગરને જેલભેગો કરાયો

ઇબ્રાહીમ કાનુ

હથોડા: કોસંબા પોલીસ મથકની હદમાં આવેલા કઠવાડા ગામનો લિસ્ટેડ બુટલેગર ધર્મા ઉર્ફે ધર્મેન્દ્ર લાંબા સમયથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઘુસાડીને રેલમછેલ કરતો હતો. સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા વચ્ચે ગાંધીનગર SMC (સ્ટેટ મોનિટરિંગ સેલ)ની ટીમે અગાઉ બે વખત દરોડા પાડી લાખો રૂપિયાનો દારૂ ઝડપી પાડ્યો હતો. SMCના દરોડા બાદ બુટલેગર વોન્ટેડ જાહેર થયો હતો. SMC વધુ કાર્યવાહી કરી ખાખીની આબરૂ ધૂળધાણી કરે એ પહેલાં હરકતમાં આવેલી સુરત જિલ્લા એલસીબી ટીમે બુટલેગર ધર્મેન્દ્રની ધરપકડ કરી તેને જેલભેગો કર્યો છે.

મઢી ગામમાં સાર્વજનિક લાઇબ્રેરીનું ઉદ્ઘાટન

સુરત: બારડોલીના મઢી અને સુરાલી ખાતે શ્રી અખિલ હિન્દ મહિલા પરિષદ તેમજ લાયન્સ ક્લબ ઓફ મઢી સંચાલિત સાર્વજનિક લાઇબ્રેરીનું મહિલા સાંસ્કૃતિક ભવનમાં ઉદ્ઘાટન કરાયું હતું. ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે ડો.રાજીવભાઈ વ્યાસ, કિશોરભાઈ શાહ, ડો.મુકુલભાઈ શેઠ, જીતેન્દ્ર ઢીમર, પ્રભાતસિંહ રાઠોડ, મનીષભાઈ મેડાની, અજેશભાઈ પરીખ, હંસાબેન પંડ્યા, રાખીબેન પરીખ, કાશ્મીરાબેન પટેલ, ગીતાબેન પ્રજાપતિ, હરિશ્ચંદ્ર ગોસવી અને રક્ષાબેન ઢીમર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વિરપોર ગામના પૂરગ્રસ્તોને કિટ વિતરણ

વાલોડ: તાપી જિલ્લામાં ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે વાલોડ તાલુકાનાં કેટલાંક ગામોમાં પાણી ભરાયા હતા. જે પરિસ્થિતિને ધ્યાને લઇ ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા તેમજ ઉદય દેસાઈ દ્વારા સોમવારે પૂરગ્રસ્તોની મુલાકાત લઇ વિરપોર ગામના લોકોને જરૂરી રાહત કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય અને તેમની સેવાભાવી ટીમે વિરપોરની મુલાકાત લઇ કિટ્સનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં બુહારીના આગેવાન ઉદય દેસાઈ તથા વિનીત દેસાઈ, કર્ણ દેસાઈ તથા જિલ્લા પંચાયત સભ્ય અતુલ પટેલ તથા સ્થાનિક ગ્રામજનો, તાલુકા પંચાયતના સભ્યો, સરપંચો તેમજ સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા.

માંડવી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વૃક્ષારોપણ

માંડવી: માંડવી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ વિનુભાઈ મકવાણા, ડો.ઈલાબેન પટેલ અને ડો.ઉદય લાખાણી હાજર રહ્યાં હતાં. કાર્યક્રમ દરમિયાન અંદાજે ૧૫ જેટલાં છોડ વાવવામાં આવ્યા હતા. અંતમાં સૌએ વાવેલાં વૃક્ષોનું યોગ્ય જતન અને સંતોષકારક ઉછેર કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

રાયગઢમાં વર્ષો જૂની પાણીની ટાંકી તોડી પડાઈ

કુકરમુંડા: કુકરમુંડાના રાયગઢ અને પીપરીપાડા વચ્ચે આવેલી ગુજરાત રાજ્ય પાણી પુરવઠા નિગમની વર્ષો જૂની જર્જરિત પાણીની ટાંકી સુરક્ષાના ભાગરૂપે જમીનદોસ્ત કરવામાં આવી છે. પાઇપલાઇન યોજના નિષ્ફળ જતાં નિર્માણ બાદથી જ આ ટાંકી ક્યારેય વપરાશમાં આવી ન હતી. રહેણાક વિસ્તાર નજીક જોખમી બનેલી ટાંકી અંગે સ્થાનિકોની રજૂઆત બાદ જિલ્લા તંત્રે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત તકેદારીના પગલારૂપે તેને દૂર કરીને ભવિષ્યનો મોટો અકસ્માત ટાળ્યો છે.

બારડોલીમાં ભરચોમાસે રોડ ખોદી નંખાતાં રહીશો-વેપારીઓ પરેશાન

પાલિકાની અણઘડ વહીવટી નીતિ સામે લોકોમાં આક્રોશ

બારડોલી: બારડોલી નગરપાલિકાના અધિકારીઓની અણઘડ નીતિ અને આયોજનના અભાવે સ્થાનિક નાગરિકોએ પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બારડોલીના ડી.એમ.નગરથી કડોદ રોડને જોડતા અતિ મહત્ત્વના માર્ગને ભર ચોમાસામાં પાઇપલાઇન નાંખવાની કામગીરી માટે ખોદી નાંખવામાં આવ્યો છે. પરિણામે આખો રસ્તો વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ થઈ ગયો છે.

આ માર્ગ બંધ થવાથી આસપાસની સોસાયટીના રહીશોને રોજેરોજ ભારે હાલાકી વેઠવી પડી રહી છે. સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને પોતાનાં ગંતવ્ય સ્થાને પહોંચવા માટે ફરજિયાતપણે લાંબો ચકરાવો મારવો પડી રહ્યો છે. જેનાથી સમય અને ઈંધણ બંનેનો વ્યય થઈ રહ્યો છે. ઉપરાંત આ રસ્તા પર આવેલી દુકાનોના વેપારીઓને પણ મોટા આર્થિક નુકસાનનો સામનો કરવો પડી રહ્યો છે. રસ્તા પરના મસમોટા ખાડા અને કાદવ-કીચડના કારણે ગ્રાહકો દુકાન સુધી પહોંચી શકતા ન હોવાથી તેઓનો રોજિંદો વેપાર સાવ ઠપ્પ થઈ ગયો છે. ડી.એમ. નગરમાં છેલ્લાં પાંચ વર્ષથી પાણી ભરાઈ રહ્યા છે. એની જાણકારી હોવા છતાં પાલિકા દ્વારા પાણી નિકાલ માટે અગાઉથી આયોજન કરવાની જગ્યાએ ભર ચોમાસામાં કામગીરી શરૂ કરી હતી. બારડોલી નગરપાલિકાની આ ઘોર બેદરકારી અને લોકોની સુરક્ષા પ્રત્યેની ઉદાસીનતાના કારણે લોકોમાં ભારે આક્રોશ છે.

ચોમાસામાં ખોદકામ અંગેના નિયમોનો સરેઆમ ઉલાળિયો

સરકારી અને વહીવટી તંત્રના સ્પષ્ટ નિયમો મુજબ ચોમાસાની ઋતુ દરમિયાન રસ્તા પર કોઈપણ પ્રકારના નવા ખોદકામ કરવા પર સખત પ્રતિબંધ હોય છે. સરકારી માર્ગદર્શિકા અને પ્રી-મોન્સૂન એક્શન પ્લાન અંતર્ગત, ગુજરાતની નગરપાલિકાઓમાં ૩૧ મે પછી કોઈપણ પ્રકારના નવા ખોદકામ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવે છે. ભૌગોલિક પરિસ્થિતિ અને ચોમાસાના આગમનને ધ્યાનમાં રાખીને કેટલીકવાર આ આખરી તારીખ વધુમાં વધુ ૧૫ જૂન સુધીની માન્ય રાખવામાં આવતી હોય છે. નિયમ મુજબ, આ નિર્ધારિત તારીખ પહેલાં તમામ સરકારી કે ખાનગી એજન્સીઓએ (જેમ કે ગેસ, ટેલિકોમ, વીજળી કે પાણી પુરવઠા) પોતાનું કામ પૂર્ણ કરી લેવાનું હોય છે. આ પ્રતિબંધ સામાન્ય રીતે ચોમાસાની ઋતુ પૂર્ણ ન થાય ત્યાં સુધી, એટલે કે ૩૦ સપ્ટેમ્બર અથવા નવરાત્રિ સુધી અમલમાં રહે છે. જો એક આ દરમિયાન કોઈ ઈમરજન્સી કામ હોય તો તે કરી શકાય છે. ઈમરજન્સીના નામે પાલિકાએ ઉનાળામાં કરવાનું કામ મોડુ શરૂ કરતાં લોકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

કામરેજ સુગરની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ અને માજી પ્રમુખે પેનલ ઉતારી

ઉમેદવારી કરવા માટે મંગળવાર અંતિમ દિવસ

કામરેજ: કામરેજના નવી પારડી ખાતે આવેલી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ તેમજ માજી પ્રમુખે પેનલ મેદાને ઉતારી હતી.

કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણી જાહેર થતાં જ સહકારી રાજકારણ ગરમાવો જોવા મળ્યો છે. સુગરની ચૂંટણીમાં 18 કમિટી સભ્યોમાં બે મહિલા અનામત, એક અનુસૂચિત જાતિ-જનજાતિ, નાના સીમાંતની બેઠક માટે કામરેજ પ્રાંત ખાતે ઉમેદવારી નોંધાવવાના ત્રણ દિવસમાં અલગ અલગ 18 ઝોનમાં 55 ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી હતી, જેમાં સુગરના વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલે સમર્થકો સાથે કામરેજ ઝોનમાં ઉમેદવારી નોંધાવી હતી. તેની સામે તો માજી પ્રમુખ નવીન પટેલના પુત્ર જતીન પટેલ ઉમેદવારી કરી હતી. તેમજ બીજા માજી પ્રમુખ જયેશ પટેલે પીપોદરા બેઠક પરથી તેમની સામે વર્તમાન કમિટી સભ્ય અફઝલ પઠાણે ઉમેદવારી નોંધાવી હતી. વાવ બેઠક પરથી ભારતીય વિદ્યામંડળના પ્રમુખ અરવિંદ ભક્તની સામે વર્તમાન કમિટી સભ્ય કાંતિ રણછોડ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. હજી મંગળવારના રોજ ઉમેદવારી કરવા માટેનો અંતિમ દિવસ છે. વધુમાં વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલની પેનલની સામે માજી પ્રમુખ નવીન પટેલના પુત્ર જતીન પટેલ સાથે જયેશ પટેલે પોતાની પેનલ ઉતારી છે.

કીમ પૂર અસરગ્રસ્તોને સહાય ચૂકવવા મામલતદારને આવેદન

ઇબ્રાહીમ કાનુ

હથોડા: તાજેતરમાં ભારે વરસાદને કારણે કીમ નદીમાં આવેલા ઘોડાપૂરે માંગરોળ તાલુકાના કાંઠા વિસ્તારનાં ગામોમાં ભારે તારાજી સર્જી છે. પૂરના પાણી નીચાણવાળા વિસ્તારો, ઘરો અને ખેતરોમાં ફરી વળતાં ઘરવખરી, પાક તેમજ પશુધનને મોટું નુકસાન થયું છે. આ સ્થિતિને ધ્યાને રાખી સુરત જિલ્લા પંચાયતનાં મહિલા સદસ્ય સર્જનબેન વસાવા તથા આમ આદમી પાર્ટીની ટીમ દ્વારા માંગરોળના મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. તેમણે અસરગ્રસ્ત ગામોમાં તાત્કાલિક સરવે કરાવી, ખેડૂતો અને ગ્રામજનોને યુદ્ધના ધોરણે યોગ્ય આર્થિક વળતર તથા પુનઃસ્થાપનની રાહત આપવાની માંગ કરી છે. આ અંગે માંગરોળના મામલતદાર જયેશભાઈ જાકાસણીયાએ જણાવ્યું હતું કે, કીમ નદીના પૂરથી પ્રભાવિત ૫૩ ગામમાં નુકસાનીનો ક્યાસ કાઢવા ખાસ ટીમો બનાવીને સ્થળ પર સરવેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

કેતન પટેલ

કોસાડી-હરિપુરા પુલ પર ખાડાને કારણે સગર્ભા મહિલા ઘાયલ

કોસાડીની મહિલાને તાત્કાલિક પ્રાથમિક સારવાર અને તપાસ અર્થે હોસ્પિટલ ખસેડાઈ

કડોદ: બારડોલીના કોસાડી-હરિપુરા પુલ પર ભ્રષ્ટાચારનો નમૂનો સામે આવ્યો છે. લેવલ વગરના, ઊંચા-નીચા અને સાપ-સીડી જેવા બનેલા સિમેન્ટ કોંક્રીટ રોડના કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો. કોસાડીના રહીશ ચેતન નારણભાઈ પટેલનાં પત્ની ભારતીબેનહાલ ગર્ભવતી છે, તેઓ આ ખરાબ અને બેસી ગયેલા રસ્તાના લીધે અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવને પગલે તેમને તાત્કાલિક પ્રાથમિક સારવાર અને તપાસ અર્થે મમતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

સ્થાનિકોમાં આ ઘટનાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા કરવામાં આવેલા નબળા કામના કારણે રસ્તો ઠેર ઠેર બેસી ગયો છે અને મોટાં ગાબડાં તથા ભૂવા પડી ગયા છે. એટલું જ નહીં, પ્રત્યેકેશ્વર મહાદેવ મંદિર તરફની 'ગ્રેબિયન વોલ' પણ નમેલી સ્પષ્ટ દેખાઈ રહી છે, જે કોઈ મોટી હોનારતને આમંત્રણ આપી રહી છે. ગુણવત્તા વગરનું કામ કરીને કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓએ ભ્રષ્ટાચારમાં માઝા મૂકી છે. કોઈપણ પ્રકારના લાઈન-લેવલ વગર બનેલા આ રસ્તા પરથી પસાર થવું વાહનચાલકો માટે જીવનું જોખમ બની ગયું છે. એક ગર્ભવતી મહિલા અકસ્માતનો ભોગ બનતા જનાક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવે અને માર્ગનું સત્વરે યોગ્ય સમારકામ હાથ ધરવામાં આવે.

મહુવામાં કોતરના પાણીમાં તણાઈ જતાં યુવકનું મોત

અનાવલ: મહુવાના ભુતાડ ફળિયામાં રહેતો ૨૫ વર્ષીય યુવાન ભેંસો ચરાવવા ગયો હતો. ત્યારે ઉપરવાસમાં પડેલા ધોધમાર વરસાદથી કોતરમાં પાણીનું વહેણ અચાનક વધી જતાં તે ઊંડા પાણીમાં તણાઈ ગયો હતો અને ડૂબી જવાથી તેનું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ મહુવા ગામના ભુતાડ ફળિયા ખાતે રહેતો પ્રકાશ અરવિંદ હળપતિ (ઉં.વ.૨૫) ગત તા.૩૧/૭/૨૦૨૬ના રોજ ભેંસો ચરાવવા માટે બીડ ફળિયાના ગોચર વિસ્તારમાં ગયો હતો. દરમિયાન ઉપરવાસમાં થયેલા સાર્વત્રિક વરસાદના કારણે નજીકના કોતરમાં પાણીની આવક અચાનક વધી ગઈ હતી અને વહેણ અત્યંત ઝડપી બન્યું હતું. ગોચર નજીક આવેલી કોતરના ઊંડા પાણીમાં પ્રકાશભાઈ તણાઈ જતાં ડૂબી જવાથી મોત થયું હતું. આ ઘટના અંગે મૃતકનાં સગાં ભીખીબેન દ્વારા મહુવા પોલીસ સ્ટેશનમાં જાણ કરાતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

નિઝરમાં ઠગાઈનો 1 વર્ષથી ફરાર આરોપી હરિયાણાથી ઝડપાયો

કુકરમુંડા: નિઝર પોલીસે કપાસની ગાંસડીના વેપારમાં રૂ.૨૮.૪૭ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરનાર ૧ વર્ષથી નાસતા-ફરતા આરોપી રાજેશ પન્નાલાલ ગુપ્તા (રહે.,લુધિયાણા)ને હરિયાણાના પાનીપતથી ઝડપી પાડ્યો હતો.

આરોપીએ સરવાળા સ્થિત રાધેશ્યામ પ્રોટીન કંપની પાસેથી રૂ.૪૧.૩૯ લાખનો કપાસ ખરીદી માત્ર રૂ.૧૦.૧૦ લાખ ચૂકવી બાકીની રકમ ન આપી ઠગાઈ કરી હતી. નિઝર પોલીસે ૨ ઓગસ્ટે આરોપીની સત્તાવાર અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

લીંગડ નજીક કન્ટેનરની ટક્કરે મોપેડ ચાલકનું મોત

પલસાણા: પલસાણાના લીંગડ ગામે ને. હા.૫૩ પર આવેલી ખાડીના બ્રિજ ઉપર હજીરાથી ધુલિયા તરફ જતાં માર્ગ પર પૂરપાટ ઝડપે આવતા એક આઈસર પ્રો કન્ટેનરે (નં. MP-09-DJ-3881) હોન્ડા એક્ટિવા (નં. RJ-28-V-3695) ને ટક્કરે લેતાં ચાલકનો માથાનો ભાગ કચડાઈ જતાં તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં મૃતકની ઓળખ ૪૮ વર્ષીય પ્રદીપકુમાર રામાશીષ પાંડે તરીકે થઈ છે, જેઓ મૂળ રાજસ્થાનના બારન જિલ્લાની પુરાની નકોડા કોલોનીના રહેવાસી હતા. કન્ટેનર ચાલક ઇટાળવા ગામ પાસે વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે ફરાર અજાણ્યા કન્ટેનર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

તાંતીથૈયામાં પિસ્તોલ સાથે એક ઝડપાયો

પલસાણા: તાંતીથૈયામાંથી કડોદરા GIDC પોલીસે ૨૪ વર્ષીય જયપ્રકાશ વિજયસિંગ પટેલને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો હતો. આ બાતમીના આધારે ખોડિયારનગર પાસે સોની પાર્ક-રના જાહેર માર્ગ પરથી આરોપીની અંગજડતી લેતાં લાઈસન્સ વગરની ૨૦,૦૦૦ની પિસ્તોલ, ૨૦૦નું ખાલી મેગ્ઝીન અને ૧૨૦ રોકડા મળી કુલ ૨૦,૩૨૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પૂછપરછમાં આ હથિયાર મધ્યપ્રદેશના 'લાલા' નામના શખ્સ પાસેથી મેળવ્યાની કબૂલાત કરતાં પોલીસે સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી કડોદરા GIDC પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ-હરાજીની તા.૦૯.૦૯.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી (ઓટો એક્સટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) /૯(૧) અને રૂલ ૬(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ કેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ કેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ-હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ-હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ. નં.	શાખાનું નામ / દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ / બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તારીખ / ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ સ્થનાત્મક	જ્યુનતમ અનામત કિંમત / ઈએમડી	શાખા હેડ નો સંપર્ક નંબર
૧.	અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા લાલજીભાઈ રામજીભાઈ સાવલીયા, પ્રવિણભાઈ રામજીભાઈ સાવલીયા	સ્થાયી મિલકત : રહેણાંકનો બંગ્લોઝ સર્વે નં. ૨૬૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ, નો પ્લોટ નં. ૪૬ વાલીયા પોલીટેકનીક કોલેજની પાછળ, વાલીયા દેસાડ રોડ, તા.વાલીયા, જી. ભરૂચ ૩૯૩૧૩૫. એરિયા ૧૮૫.૭૮ ચો.મી.	અ) ૦૨.૦૬.૨૦૧૮ બ) રૂા. ૨૧,૭૩,૧૭૯.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૯,૦૯,૦૦૦/- રૂા.૯૦,૯૦૦/-	૮૦૦૬૭૬૦૩૪૨
૨.	અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા શ્રી વિપુલભાઈ સુખાભાઈ ધામેલીયા શ્રી વિરલકુમાર સુખાભાઈ ધામેલીયા	સ્થાયી મિલકત : રહેણાંકનો બંગ્લોઝ સર્વે નં. ૨૬૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ નો પ્લોટ નં.૫૩, વાલીયા પોલીટેકનીક કોલેજ પાછળ, વાલીયા દેસાડ રોડ, તા.વાલીયા, જી.ભરૂચ-૩૯૩૧૩૫. એરિયા ૧૮૫.૭૮ ચો.મી.	અ) ૧૨.૦૪.૨૦૧૭ બ) રૂા. ૨૧,૯૨,૪૭૭.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૮,૫૦,૫૦૦/- રૂા.૮૫,૦૫૦/-	૮૦૦૬૭૬૦૩૪૨
૩.	બારડોલી શાખા શ્રી મંતોષ કુમાર અને શ્રીમતી પુનમ દેવી	સ્થાયી મિલકત : રહેણાંકની મિલકત રે.સ. નં. ૫૧૫ અને ૫૧૬/૩, જૂનો બ્લોક નં.૪૧ ,નવો બ્લોક નં. ૪૬, 'રાધે વિલા', પ્લોટ નં. ૫૩, શ્રીજી રેસીડેન્સી બાજુમાં, સાંઈ પવિત્રા સોસાયટી નજીક, હલધરૂ ગામ રોડ, હલધરૂ તા. કામેરજ, જી.સુરત -૩૯૪૩૧૦ એરિયા ૪૦.૨૬ ચો.મી	અ) ૧૯.૦૧.૨૦૨૬ બ) રૂા. ૯,૭૯,૧૦૩.૬૭ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૯,૯૩,૦૦૦/- રૂા.૯૯,૩૦૦/-	૬૭૧૩૨૩૯૯૮૪
૪.	નવાગામ કેસીઆર શાખા શ્રીમતી સુમન રામસરે પાલ, અને શ્રી રામસરે કે પાલ	સ્થાયી મિલકત : ૦૨ રહેણાંકની મિલકત નો રો હાઉસ પ્લોટ નં. ૪૭/બી અને ૪૮/બી, મહાવીર નગર રેસીડન્સી, નો રે.સ નં. ૫૯, ૬૦, ૬૧ અને ૬૨ નવો બ્લોક નં. ૬૭, ગામ. કારેલી, તા.પલસાણા, જી.સુરત. એરિયા ૫૨.૦૯ ચો.મી, તેનો કુલ એરિયા ૧૦૪.૧૮ ચો.મી.	અ) ૨૨.૧૧.૨૦૨૧ બ) રૂા. ૨૬,૬૯,૧૫૨.૧૬ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૪,૫૬,૦૦૦/- રૂા.૧,૪૫,૬૦૦/-	૮૦૦૦૬૭૬૨૨૫
૫.	ટેક્ષટાઈલ માર્કેટ શાખા વિનોદ કલાલ અને કુસુમ કુમારી વિનોદ કલાલ	સ્થાયી મિલકત : રહેણાંકની મિલકતનો પ્લોટ નં.૧૮૯, શ્રી વલ્લભ રેસીડેન્સી, એપલ પુલ વિલા નજીક, હલધરૂ ગામ રોડ, હલધરૂ તા. કામેરજ, જી.સુરત- ૩૯૪૩૧૦ એરિયા ૪૧.૨૮ ચો.મી.	અ) ૦૩.૧૨.૨૦૨૩ બ) રૂા. ૭,૨૯,૦૪૧.૦૦ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭,૦૫,૦૦૦/- રૂા.૭૦,૫૦૦/-	૬૫૯૬૨૨૭૭૬૦
૬.	વાપી શ્રી જમીલઅહમદ મોહમદયાસીન ચૌધરી અને શ્રી ઈમરાન મોહસીન બહમુસા	સ્થાયી મિલકત : રહેણાંકનો ફલેટનો સર્વે નં. ૯૮/૧ પૈકી ૦૧, ફલેટ નં.૨૦૪, તોવીહદ પાર્ક, ૪થો માળ, ચીલ્ડ્રન ઈંગ્લીશ હાઈ સ્કુલ નજીક, વાપી -સેલવાસા રોડ, ડુંગરા, તા. વાપી, જી.વલસાડ, ગુજરાત -૩૯૬૧૯૩ ખાતે આવેલ છે. એરિયા ૬૦.૩૮ ચો.મી.	અ) ૦૨.૧૧.૨૦૨૩ બ) રૂા. ૩,૦૪,૧૦૧.૨૨ વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૪,૮૦,૦૦૦/- રૂા.૪૮,૦૦૦/-	૬૯૮૪૨૯૪૫૪૦
૭.	વાપી શ્રી ઈમરાન મકબુલએહમદ શેખ અને શ્રી મહબુબ ઈબાસેર ખાન	સ્થાયી મિલકત : રહેણાંકનો ફલેટનો સર્વે નં. ૯૮/૧ પૈકી ૦૧, ફલેટ નં.૪૧૧, તોવીહદ પાર્ક, ૪થો માળ, ચીલ્ડ્રન ઈંગ્લીશ હાઈ સ્કુલ નજીક, વાપી -સેલવાસા રોડ, ડુંગ